**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૬૧ ટકા

# કડકડતી ઠંડીમાં વેજીટેબલ જયુસ હોટ ફેવરિટ

## શિયાળામાં આમળા, સરગવો, મગ, મિકસ વેજ, હોટ સૂપ અને કડિયાતુ સાથે લીલી હળદરના જયુસનું વધુ વેચાણ

ગાંધીનગર, તા.૧૯

શિયાળાની ઋતુમાં શહેરીજનો શહેરના સર્કલ, સ્વર્ણિમ પાર્ક, સરિતા ઉદ્યાન, પુનિતવન તથા ફૂટપાથ ઉપર મોર્નિંગ વૉક કરતા જોવા મળી રહ્યા છે અને મોર્નિંગ વૉક બાદ શહેરીજનો શહેરમાં મળતા હોટ સૂપ, જયુસ અને ઉકાળા પીને તાજગી અનુભવી રહ્યા છે. હાલમાં દરેક મેઈન સર્કલ ચ-૦, ખ-૦, ચ-૧, ગ-૪, ઘ-૪, પુનિતવન, સરિતા ઉદ્યાન જેવા વોકિંગ માટે પ્રખ્યાત એવા સ્થળોએ હોટ સૂપ, જયુસ અને ઉકાળાનું વેચાણ થઈ રહ્યું છે. જેમાં ગાજર, દૂધી, સરગવો, મિકસ વેજ, હળદર જેવા અનેક પ્રકારના સૂપ અને જયુસ વેચાણમાં છે.

શહેરીજનો ફીટનેસના માર્ગે વળી રહ્યા છે ત્યારે તેમને ફીટ રહેવા તથા શિયાળામાં ઉકાળાની સહુલિયત પુરી પાડવા અર્થે વિવિધ પ્રકારના હોટ સૂપ, ઉકાળા તથા જયુસ વેચાઈ રહ્યા છે. શહેરીની વિવિધ હોટ ફેવરીટ વોકિંગ અને રનીંગ માટેની જગ્યાઓ પુનિતવન, સરિતા ઉદ્યાન, સ્વર્ણિમ પાર્ક પાસે તો ખરું જ પરંતુ ચ-૦, ખ-૦, ચ-૧ પાસે પણ જયુસનું વેચાણ થઈ રહ્યું છે.

શહેરમાં સવારે ૬ વાગ્યાથી ૯.૩૦ સુધી વિવિધ પ્રકારના જયુસ, સૂપ અને ઉકાળા જેવા કે આમળા, બીટ, ગાજર, દૂધી, પાલક, સરગવો, કારેલા, તુલસી, આદુ, ફુદીનો, લીલી હળદર, કડવું કડિયાતું, ટામેટા, વેજીટેબલ મગના સૂપ સાથે ચણા-મગ જેવા કઠોળ પણ હેલ્ધી ડીશ તરીકે વેચાઈ રહ્યા છે. જેનો ભાવ દરેભગ દરેક જગ્યાએ ૧૨ રૂપિયામાં નાનો કપ અને ૨૦ રૂપિયામાં મોટો કપ એમ જ છે. શહેરીજનોના કહ્યા મુજબ અમને હેલ્ધી રાખવાનું કામ અહીં જયુસનું વેચાણ કરવાવાળા જ કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

સામાન્ય પૈસા આપતા અમે હેલ્ધી વસ્તુઓનું સેવન કરી રહ્યા છીએ. શહેરમાં જયુસનું વેચાણ કરનાર વેપારી કરસનભાઈ રાણાના કહ્યા મુજબ હું તો કમાવા કરતા બધાનું સ્વાસ્થ્ય જળવાય એમાં વધુ માનું છું. ગ્રાહકો મને જયુસ બનાવવા માટે પ્રોત્સાહન આપી રહ્યા છે. એટલે જ છેલ્લા ઘણા સમયથી હું અહીં જયુસનું વેચાણ કરી રહ્યો છું. અમારે ત્યાં હાલ શિયાળામાં સરગવો, આમળા, મગ અને વેજીટેબલ સૂપ વધુ વેચાય છે.



## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**દબંગ-૩**
૯.૦૦, ૯.૫૫, ૧૧.૫૦, ૧૨.૨૫, ૧.૨૦, ૩.૦૫, ૩.૫૦, ૪.૪૫, ૬.૩૦, ૭.૧૫, ૮.૧૦, ૯.૫૫, ૧૦.૪૦

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૨.૪૦, ૮.૦૫, ૯.૦૫

**મર્દાની-૨**
૯.૨૫, ૫,૨૦, ૧૦.૧૫

**પતિ પત્નિ ઔર વો**
૨.૪૦, ૭.૩૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**દબંગ-૩**
૯.૦૦, ૧૦.૨૫, ૧૧.૨૫, ૧૨.૨૫, ૧.૫૦, ૨.૫૦, ૩.૫૦, ૫.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૮.૪૦, ૯.૪૦, ૧૦.૪૦

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(૩-ડી હિન્દી) ૧.૪૦, ૭.૧૫, ૯.૫૦

**પતિ પત્નિ ઔર વો**
૧૨.૨૫, ૧૦.૩૦

**મર્દાની - ૨**
૯.૨૦, ૩.૦૫, ૮.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**દબંગ-૩**
૧૨.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૪.૧૫, ૬.૪૫, ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૩૦, ૯.૪૫

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ**
(હિન્દી) ૧.૦૦, ૪.૧૫, ૯.૪૫, ૭.૩૦

**મર્દાની**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

**પતિ, પત્નિ ઔર વો**
૨.૪૫, ૭.૩૦

## શહેરની બહેનો દ્વારા આલમપુર ગામમાં સ્વચ્છતા જાગૃતિ સાથે સેનેટરી નેપકિનનું વિતરણ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના મહિલા અગ્રણી વૈશાલી જોષી અને વૈજયંતી ગુપ્તે દ્વારા છેલ્લા બે વર્ષથી ગાંધીનગરની આસપાસના ગામમાં સ્વચ્છતા, શરીરની સ્વચ્છતા અંગે માહિતી તથા સ્વખર્ચે સેનેટરી નેપકિન વિતરણ કરવાનું કાર્ય કરી રહ્યા છે. જે અંતર્ગત આલમપુર ગામમાં તેમના દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંજલીબેન રૂપાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા કાર્યમાં જોડાઈ ગામની બાળાઓને સ્વચ્છતા અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યને સફળ બનાવવા નેન્સી ગુપ્તે અને ઉષા ટાટુ તથા આલમપુર શાળાના પ્રિન્સીપાલ તથા સ્ટાફનો ખૂબ જ સહયોગ રહ્યો હતો.

## વિદ્યાર્થી જીવનને સમજવાનો એનઆઈસીએમ-એસજેપીઆઈનો પ્રયાસ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ચ-૦ સર્કલ નજીક સ્થિત શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ એનઆઈસીએ કેમ્પસ ખાતે ચાલતી શ્રી જયરામભાઈ પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ગોંડલ મુકામે 'જય સરદાર એજયુકેશન ટ્રસ્ટ' ખાતે 'વિદ્યાર્થી જીવનના નૈતિક મૂલ્યો' અંગેની જાણકારીનો પ્રયાસ તાજેતરમાં યોજાયો હતો. આ પ્રયાસમાં એસજેપીઆઈના હરપાલસિંહ ઝાલા દ્વારા વિદ્યાર્થીઓને મેનેજર જેવી ઉચ્ચકક્ષાએ પહોંચવા ઉચ્ચ અભ્યાસ સાથે કેવા તબક્કાવાર પ્રયત્નો થવા જોઈએ અને તેનું શું મહત્વ છે તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હરપાલસિંહ ઝાલાના આ પ્રયાસને જય સરદાર એજયુકેશન સંકુલમાં ચાલતી વિવિધ ફેકલ્ટીના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા આવકારવામાં આવ્યા હતા.



## ઠંડીમાં નજીવો ઘટાડો પારો ૧૩.૨ ડિ.સે.

ગાંધીનગર, તા.૧૯

છેલ્લા ચાર દિવસથી પડી રહેલી આકરી ઠંડીથી વસાહતીઓને થોડીક રાહત મળી છે. લઘુત્તમ તાપમાન બે ડીગ્રી જેટલું વધતાં ઠંડીમાં ઘટાડો થયો છે. મહત્તમ તાપમાન પણ વધતા દિવસે ઠંડી ઘટી હતી.

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી સતત ઠંડી પડી રહી હતી. લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ રહેતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા. જનજીવન પર ઠંડીની વિપરીત અસર જોવા મળી હતી. જો કે આજે ઠંડીમાં નજીવો ઘટાડો થતાં થોડીક રાહત અનુભવાઈ છે.



સેકટર-૬ના અપના બજાર વિસ્તારમાં નવી ઈમારતો ઉભી થતાં અહીં વાહન પાર્કિંગ અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. આ મામલે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાય તેવી વસાહતીઓની માંગ છે.

## આજે ગાંધીનગરમાં

● સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત કથા અંતર્ગત સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન કાલિયદમન, ગોવર્ધનધારણ, રાસલીલા તથા કંસ ઉધ્ધાર યોજાશે.

## આજે મનોરંજન સ્ટુડિઓ ખાતે શ્રવણકુમારની ગાયકીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત 'મેરી આવાઝ સુનો કરાઓ કે કલબ' દ્વારા તા. ૨૦મી ડિસેમ્બર શુક્રવારે રાત્રે ૮ કલાકે મારૂતિ નેક્ષા શો રૂમની બાજુમાં સનરાઈઝ કોમ્પ્લેક્ષ ખાતેના મનોરંજન સ્ટુડિયો ખાતે સળંગ ૨૬મા કરાઓ કે શો અંતર્ગત 'એક શામ શ્રવણ પરમાર કે નામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા ગાયક કલાકાર શ્રવણકુમાર પરમાર તેમના જન્મદિન પ્રસંગે હિન્દી ફિલ્મી ગીતોની સુરિલી પ્રસ્તુતિ કરશે. આ કાર્યક્રમને નિઃશુલ્ક માણવા શહેરના ગીત સંગીત રસિકોને સંસ્થા દ્વારા વહેલા તે પહેલાના ધોરણે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ફાસ્ટ ટેગ જાગૃતિ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૧૯

સરકાર દ્વારા ટોલ ટેકસ પર ટ્રાફિક નિયમન માટે ફાસ્ટ ટેગની શરૂઆત કરવામાં આવી છે ત્યારે રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા હરસોલિય બ્રધર્સ અને એન.એચ.એ.આઈ.ના સહયોગથી ફાસ્ટ ટેગ જાગૃતિ અને નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૩૫૦થી વધુ શહેરીજનોએ ભાગ લીધો હતો. દરેકને મહત્વ અને ઉપયોગીતા સમજાવી યોગ્ય માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન રોટરી પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ, સેક્રેટરી ભારત જૈન અને બાબા હરસોલિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## આવતીકાલે જલારામ બાપાના પરમ ભકત પારસ પાંધીનો લોકડાયરો

ગાંધીનગર, તા.૧૯

રઘુવંશીઓ માટે લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા ગુજરાત રાજય નાટય અકાદમીના સહયોગથી પૂ. જલારામ બાપાના પરચા સાથેના ભવ્ય લોકડાયરાનું આયોજન તા. ૨૧ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. આ લોક ડાયરો પારસ પાંધીના સ્વરમાં રાત્રે ૮ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

'જયાં ટૂકડો ત્યાં હરી ઢૂકડો' કહેણને સફળ કરનાર પૂ. જલારામ બાપાના સતકર્મો સાથેના અનેક પરચા છે. જે સાંભળવાનો લ્હાવો અનેરો છે. જલારામ બાપાના પરચા સાથેના ભવ્ય લોકડાયરાનું આયોજન લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા શનિવારના રોજ ૮ વાગ્યે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે. બાપાના પરમ ભકત પારસ પાંધીના સ્વરમાં આ ભવ્ય લોકડાયરો રઘુવંશી માણશે. આ ઉપરાંત કાર્યક્રમ દરમિયાન વિરપુર પદયાત્રીઓનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં કમીજલા ભાણ સાહેબની જગ્યાના મહંત જાનદીકાસ બાપુ તથા લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટક સાથે સમાજ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. સંસ્થાના પ્રમુખ ભરત ઠક્કર દ્વારા આ કાર્યક્રમમાં સમાજના સભ્યોને સહપરિવાર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## લક્ષ એકસ્પોમાં બેંક ઓફ બરોડાના પ્રદર્શન સ્ટોલનું ઉદઘાટન



ઊંઝા ખાતે આયોજિત પાંચ દિવસીય લક્ષચંડી મહાયજ્ઞ અંતર્ગત લક્ષ એકસ્પોમાં ભારતની અગ્રણી સરકારી બેંક-બેંક ઓફ બરોડાના એકિઝબિશન સ્ટોલનું ઉદઘાટન ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજયકક્ષાના કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, રાજયના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા, કમિશનર ઓફ મ્યુ. એડમિનીસ્ટ્રેશન મહેન્દ્રભાઈ પટેલ, એપીએમસી ઊંઝાના ચેરમેન દિનેશભાઈ પટેલ તથા બેંક ઓફ બરોડા તરફથી અંચલ પ્રમુખ, અર્ચના પાંડે, ગાંધીનગર ક્ષેત્રિય પ્રમુખ મનીષ જે. પલણ, મહેસાણા ક્ષેત્રીય પ્રમુખ બી.એસ. રાઠૌર, મહેન્દ્રસિંહ રોહેરીયા, ક્ષેત્રીય પ્રમુખ, બનાસકાંઠા ક્ષેત્ર એ હાજરી આપી હતી. બેંક દ્વારા મુલાકાતીઓને બેંકની વિવિધ પ્રોડકટસ અને સુવિધાઓ તેમજ કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓથી અવગત કરવામાં આવી રહ્યા છે.

# ભાગવત કથાઓ સમાજની માનસિકતા રિપ્લેસ કરવાનું કામ કરે છે

## મારી વાતોથી પૂ. ગુરુમાના ચહેરા પર સ્મિત આવે તો એ મારા માટે પદ્મશ્રીથી જરાય કમ નથી : સાંઈરામ દવે

ગાંધીનગર, તા.૧૯

આ સંસારમાં ગોઠણો રિપ્લેસ થાય છે, માનસિકતા રિપ્લેસ નથી થતી. ભાગવત કથાઓ સમાજની માનસિકતા રિપ્લેસ કરવાનું કામ કરે છે. ગુજરાતના જાણીતા હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવે એ ગાંધીનગરમાં સમદર્શન આશ્રમ ખાતે યોજાઈ રહેલી પૂ. ગુરુમાની શ્રીમદ્‌ભાગવત કથા અંતર્ગત યોજાયેલા હાસ્ય દરબારમાં આમ કહ્યું હતું.

પૂ. ગુરુમાના સામાજિક યોગદાન પ્રતિ આભારની લાગણી વ્યકત કરતાં શ્રી સાંઈરામ દવેએ કહ્યું કે, સંસાર છોડયા પછી જે સંસારીઓની ચિંતા કરે એ સન્યાસી. મારી વાતોથી પૂ. ગુરુમાના ચહેરા પર સ્મિત આવે તો એ મારા માટે પદ્મશ્રીથી જરાય કમ નથી.

પૂજય ગુરુમાની ઉપસ્થિતિમાં યોજાયેલા હાસ્ય દરબારમાં શ્રી સાંઈરામ દવે એ પોતાની લોકપ્રિય હળવી શૈલીમાં ઘણી ગંભીર વાતો કહી હતી. શ્રી સાંઈરામ દવે એ કહ્યું કે, અત્યારના મા-બાપને બાળકોની આંગળી પકડતાં આવડે છે, પરન્તુ સમયસર આંગળી છોડતાં નથી આવડતી. વૃધ્ધાશ્રમોમાં સાસુ-સસરા જ રહે છે. કોઈના મા-બાપ નથી રહેતા. આજકાલ બાપ-દીકરા વચ્ચે સંવાદ નથી એટલે વિવાદો વધ્યા છે.





શ્રી સાંઈરામ દવે એ એમ પણ કહ્યું કે, માણસ જન્મતી વખતે જેટલા વજનનો હોય છે, મૃત્યુ વખતે તેની રાખ બરોબર એટલા જ વજનની હોય છે. જે માણસ આજે સુખી નથી એ આવતીકાલે કયારેય સુખી નથી હોઈ શકવાનો. લોકો પાણી ગાળીને પીતા હશે, પરન્તુ ગામનું લોહી તો સીધેસીધું - એમને એમજ પીતા હશે. લોકોની ધીરજ ખૂટી ગઈ છે. વોટ્‌સએપ મોકલ્યા પછી, સામેની વ્યક્તિની બ્લુ ટીક થઈ જાય અને રિપ્લાય ન આવે તો માણસ લાલ-પીળો થઈ જાય છે. એવા આ યુગમાં લોકો શબરીની પ્રતિક્ષાની કલ્પના પણ કેવી રીતે કરી શકે?

શ્રી સાંઈરામ દવે અને શ્રી વિમલભાઈ મહેતા ઉપરાંત સાથી કલાકારોએ પૂ. ગુરુમાના આશીર્વાદ મેળવ્યા હતા. સમદર્શન પરિવારના શ્રી કિરીટભાઈ અધ્વયુએ સૌ કલાકારોનું સન્માન કર્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. કૈલાસબોન જવુજી બિહોલા, ઉ.વ. ૪૮
● સ્વ. ગૌતમભાઈ દયારામભાઈ સોની, ઉ.વ. ૪૨
● સ્વ. માલતીબેન ચંદ્રકાન્ત પારેખ, ઉ.વ. ૬૬
● સ્વ. ઠાકોર અમરસિંહ લાલાજી, ઉ.વ. ૭૨
● સ્વ. ઠાકોર સવિતાબોન લવજીજી, ઉ.વ. ૭૨
● સ્વ. સનમબેન બળવંતસિંહ રાઠોડ, ઉ.વ. ૨૨
● સ્વ. કવિ ભરતકુમાર અભયસિંહ, ઉ.વ. ૭૩
● સ્વ. ડાભી ભુપતસિંહ ભારથાજી, ઉ.વ. ૪૦
● સ્વ. બાબુભાઈ મણીભાઈ પરમાર, ઉ.વ. ૭૦